૫૫૭૩૮-૬૪

ક્રમાંક:મઉમશબ/ગ/ટે--૫ /ન.શા/ જુન-૦૪/૧/
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. ૨૫/૯/૨૦૦૪

જુન-૨૦૦૪

અનુ.નં. ૯

પ્રતિ,

સભ્ય સચિવશ્રી,
ધી ગુજરાત રાજ્ય ટ્રાયબલ ડે.રે.એજયુ,
ઈન્સ્ટીટયુટ સોસાયટી અને નાયબ
કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી,
બિરસા મુંડા ભવન,
સેકટર-૧૦ એ, ગાંધીનગર

**વિષય :-** જુન-૨૦૦૪ થી નવી માધ્યમિક શાળાની નોંધણી બાબત..

**શાળાનું નામ :-** **એક લવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કૂલ, મુ. બારતાડ, (ખાનપુર)તા.વાંસદા, જિ.નવસારી**

**સંદર્ભ :-** ૧) સંસ્થાની તા.૨૪/૫/૦૪ ના પત્ર જા.નં./ આ.નિ.શા/૪૩/૨૦૦૪ ની દરખાસ્ત
૨) તા.૧૧/૬/૦૪ ના રોજ મળેલ બોર્ડની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક :૧૭૧/૨૦૦૪

શ્રીમાન,

જુન-૨૦૦૪ થી નવી શાળાની નોંધણી સંબંધમાં કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, ગાંધીનગર ના પત્ર અન્વયે બોર્ડની તા.૧૧/૬/૦૪ ના રોજ મળેલ કારોબારી સમિતિમાં સદર શાળાની નોંધણી કરવા અંગેની નોંધ લઈ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ - ૧૯૭૨ (સને-૧૯૭૩નો ગુજરાત અધિનિયમ ક્રમાંક :૧૮ અને સન-૨૦૦૨નો ગુજરાત અધિનિયમ ક્રમાંક-૧૪) તથા તે અન્વયે ઘડાયેલ માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ તથા તે સંબંધે થયેલ સરકારી ઠરાવો/બોર્ડના પરિપત્રોની જોગવાઈઓ અને ધારા ધોરણો અનુસાર આપની ઉપર જણાવેલ શાળા **એક લવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કૂલ, મુ. બારતાડ, (ખાનપુર)તા.વાંસદા, જિ.નવસારી** ને જુન-૨૦૦૪ થી નવી શાળા તરીકે નોંધણી કરવામાં આવે છે. અને આપની શાળામાં **ધોરણ આઠનો પ્રથમ એક વર્ગ** ચાલુ રાખવાની પરવાનગી આપવામાં આવે છે. આપની શાળામાં શિક્ષણનું માધ્યમ **ગુજરાતી** રહેશે. આપે નીચે મુજબની શરતોનું પાલન કરવાનું રહેશે. જયારેકોઈપણ શરત ભંગ થવાનું માલુમ પડશે ત્યારે બોર્ડ દ્વારાવિનિયમ-૯(ક)ની જોગવાઈ અન્વયે કાર્યવાહી કરી આપની શાળાની નોંધણી રદ કરી શકશે.

**<u>નોંધણી અંગેની શરતો</u> :-**

(૧) શાળાનું સંચાલક મંડળ સક્ષમ અને વિશ્વસનીય છે. તથા તેનો વહીવટ યોગ્ય પદ્ધતિથી રચાયેલ વ્યવસ્થાપક મંડળસંભાળે છે તથા તે આર્થિક રીતે સદ્ધર છે.તેવી બોર્ડને ખાતરી થવી જોઈએ.

(૨) બોર્ડના અધિકારીઓ કે બોર્ડ અધિકૃત કરેલ વ્યકિત તથા શિક્ષણ ખાતાના નિરીક્ષક/અધિકારીઓને શાળાનું નિરીક્ષણ કરવાની છૂટ રહેશે.

(૩) શાળા પાસે વિનિયમ તથા બોર્ડે આ અંગે કરેલા પરિપત્રોમાં નિર્દિષ્ટ કરેલા ધોરણો મુજબ જરૂરી સુવિધાવાળા મકાન,ફર્નિચર,લેબોરેટરી, સાધનો, સ્ટેશનરી અને અન્ય સામગ્રી વસાવેલા હોવા જોઈશે તથા વિનિયમોમાં નિર્દિષ્ટ કરેલી લાયકાતો મુજબના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફની નિયમાનુસાર નિમણૂંક કરેલી હોવી જોઈશે. વધુમાં વિદ્યાર્થીઓ માટે પુરતી આરોગ્ય વિષયક સગવડો શાળાએ ઉભી કરવી જોઈશે.

(અ) જો ઉત્તરબુનિયાદી શાળા હોય તો માળખામાં સૂચવેલ ઉદ્યોગનું શિક્ષણ આપનું રહેશે.તેમજ ઉદ્યોગને અનુરૂપ જમીન, પાણી, વર્કશોપ, ઉદ્યોગખંડની વગેરેની નિયમ પ્રમાણે જોગવાઈ કરવાની રહેશે.

(બ) ઉત્તર બુનિયાદી શાળાએ છાત્રાલયની વ્યવસ્થા કરવાની રહેશે.

(૪) શાળામાં અપાતુ શિક્ષણ બધી રીતે સંતોષકારક છે તેવી બોર્ડને ખાતરી થવી જોઈશે.

(૫) શાળાએ સરકાર માન્ય કરેલ અભ્યાસક્રમ તથા વખતો વખત મંજૂર કરેલ પાઠયપુસ્તકનો જ ઉપયોગ કરવાનો રહેશે.

(૬) બોર્ડે નિયત કરેલી શરતો મુજબ જ જુદા જુદા ધોરણમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે.

(૭) શાળાના એક ધોરણમાંથી ઉપલા ધોરણમાં વિદ્યાર્થીઓને ચઢાવવા માટે વિદ્યાર્થીઓની કસોટી માટેના બોર્ડે નકકી કરેલાં ધોરણો પ્રમાણે બઢતી આપવાની રહેશે.

(૮) શિક્ષણની ફીના દર તથા શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓનાં પગાર ધોરણો સરકાર માન્ય હોવા જોઈશે.

(૯) બોર્ડે નિયત કરેલા રજિસ્ટરો અને રેકોર્ડ શાળાએ સમયમર્યાદામાં જરૂરી વિગતો સાથે તૈયાર કરી નિભાવવાના રહેશે.

Principal
Eklavva Model Residential School
Bartad (Khanpur)
Ta.Vansda, Dist.Navsari

(૧૦) શાળાના આચાર્ય કે સંચાલકો તરફથી આપવામાં આવતા રેકર્ડ, આંકડાકીય પત્રકો અને પ્રમાણપત્રો વિશ્વસનીય હોવા જોઈશે.

(૧૧) બોર્ડ વખતોવખત નિયત કરેલા શિસ્ત વિષયક નિયમોનું શાળાના કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ સંતોષકારક રીતે પાલન કરે છે. તેવી બોર્ડને ખાતરી થવી જોઈશે.

(૧૨) શાળાના મકાનમાં કોઈ અમાન્ય શાળા કે વર્ગ, ટ્યુશન ક્લાસ ચાલતા નથી તેવી સંચાલક મંડળે બાંહેધરી આપવી.જોઈશે.

(૧૩) બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષાઓ પૈકી કોઈ એક પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા એના એજ ઉમેદવારને પુનઃ (બીજી વખત) એજ પરીક્ષા માટે તૈયાર કરશે નહી અને મોકલશે નહી.

(૧૪) શાળા માત્ર ધર્મ, કોમ, જાતિ, ભાષા અથવા આ પ્રકારના કોઈપણ કારણસર કોઈપણ વિદ્યાર્થીને પ્રવેશ આપવાની ના પાડી શકશે નહિ.

(૧૫) બોર્ડ અથવા બોર્ડે અધિકૃત કરેલ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મારફતે અગાઉથી પરવાનગી મેળવ્યા સિવાય શાળામાં નવું ધોરણ કે વધારાના વર્ગ શરૂ કરી શકશે નહી તેમજ ઘટાડો કરી શકશે નહી.

(૧૬) સ્ટાફની ભરતી તથા ગ્રાન્ટ અંગેની વધુ માહિતી માટે આપના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીનું માર્ગદર્શન મેળવવાનું રહેશે.અને તે મુજબ અમલ કરવાનો રહેશે.

(૧૭) શાળાને અનુરૂપ યોગ્ય મકાન તથા અન્ય ભૌતિક સુવિધાઓની આ હુકમથી એક માસની અંદર વ્યવસ્થા કરી તે અંગેની બોર્ડને તથા આપના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને જાણ કરવાની રહેશે.

(૧૮) શાળાના કર્મચારીઓને દર માસે નિયમિત રીતે શાળાના ખાતામાંથી નાણાં ઉપાડીને સરકારી ધારા ધોરણ પ્રમાણે પગારની ચૂકવણી કરવાની રહેશે.

(૧૯) શાળાનું તમામ રેકર્ડ શાળાની કચેરીમાં આચાર્ય પાસે ઉપલબ્ધ હોવું જોઈશે.

(૨૦) સરકારશ્રીના તા.૩-૭-૯૩ના હુકમ ક્રમાંક :બમશ/૧૦૯૩/૧૩૨૨/છ, માં જણાવેલ શરતોનું પાલન કરવાનું રહેશે.

આપના ટ્રસ્ટ સંચાલિત સદર શાળા જુન-૨૦૦૪ થી શરૂ કરવામાં આવેલ છે. આ હકીકતને ધ્યાનમાં રાખીને સદર શાળાની નોંધણી કરવામાં આવે છે. આ નોંધણીપત્ર મળ્યા પહેલાં કે પછી સદર શાળા બંધ કરવામાં આવી હોય કે બંધ થશે તો આ નોંધણીપત્ર આપોઆપ રદ થઈ જશે અને બીજા વર્ષે શાળા માટે નવી દરખાસ્ત કરવાની રહેશે.

(વી.બી.નાણાવટી)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

**નકલ સવિનય રવાના જાણ સારુ :**

(૧) અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ,
સરદાર પટેલ ભવન, સચિવાલય સંકુલ, બ્લોક નં.૫,
૭મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર

(૨) કમિશ્નરશ્રી, મ.ભો.યો અને શાળાઓની કચેરી,
બ્લોક નં.૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

**નકલ રવાના :**

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, **નવસારી** ને જાણ થતા અમલ સારુ.

(૨) તકેદારી અધિકારી (વર્ગ-૧)
આદિજાતિ વિકાસ, વલસાડ, કા.ઈ.કો.નં.-૧૬૬

(૩) આચાર્યશ્રી,
**એકલવ્ય મોડેલ રેસિડન્સિયલ સ્કૂલ, મુ. બારતાડ, (ખાનપુર)તા.વાંસદા, જિ.નવસારી**

(૪) કચેરીની નોંધણી શાખા તરફ અધિનિયમની કલમ ૩૧(૮) અને વિનિયમ ૯(૧૧)ની
જોગવાઈ અનુસાર જરૂરી પ્રમાણપત્ર મોકલવા સારું.

(૫) સંશોધન શાખા તરફ જાણ સારુ.

**Principal**
**Eklavya Model Residential School**
**Bartad (Khanpur)**
**Ta.Vansda, Dist.Navsari**